સચિવાલય સંકુલમાં સલામતી અને
સુરક્ષા માટે લેવાના થતા પગલાં બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સપન-૧૦૨૦૧૩-૬૩૫૧૪૮-ટ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૩.૨.૨૦૧૪

<u>સંદર્ભોઃ-</u>

(૧) આ વિભાગના તારીખઃ ૧૮.૧૦.૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃ પવશ-૧૦૨૦૧૩-૫૧૬૬૪૭-ટ.

(૨) આ વિભાગના તારીખઃ ૧૨.૨.૨૦૧૪ નો સરખા ક્રમાંકનો પત્ર ક્રમાંકઃ સપન-૧૦૨૦૦૪-૨૦૮૪-ટ,

<u>પ્રસ્તાવનાઃ-</u>

સંદર્ભઃ ૧ માં દર્શાવેલ વિભાગના તા. ૧૮.૧૦.૨૦૧૩ ના ઠરાવથી સચિવાલય સંકુલમાં પ્રવેશ માટે પ્રવેશપત્ર કલરકોડ સાથે ઈસ્યુ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાના હુકમો કરવામાં આવ્યા છે. અગ્રસચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગના અધ્યક્ષપદે સચિવાલય સંકુલમાં સલામતી અને સુરક્ષા માટે લેવાના થતા પગલાં માટે તા.૩૦/૦૧/૨૦૧૪ ના રોજ મળેલ બેઠકની કાર્યનોંધ સંદર્ભઃ ૨ માં દર્શાવેલ વિભાગના તા. ૧૨.૨.૨૦૧૪ પત્રથી રવાના કરવામાં આવેલ. આ બેઠકમાં લેવાયેલ નિર્ણયના અનુસંધાને નીચેની બાબતો પરિપત્રિત કરવામાં આવે છે.

<u>પરિપત્રઃ-</u>

૧. ગેટ નં. ૧ મારફત સચિવાલય સંકુલમાં પ્રવેશ મેળવવા માટે રીસેપ્શન સેન્ટર પરથી મુલાકાતીઓ પ્રવેશ પાસ મેળવીને પ્રવેશ મેળવી શકશે.

૨. ગેટ નં.૬ (હાલ જેનો સચિવાલય સંકુલમાં ફરજ બજાવતાં એસ.ટી. બસમાં આવતા કર્મચારી/ અધિકારીઓ પગપાળા પ્રવેશ મેળવવા ઉપયોગ કરે છે તે ગેટ મારફત કાયમી ધોરણે માન. ધારાસભ્યશ્રીઓ, સચિવાલય સંકુલમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓ તેમ જ વિધાનસભાની મુલાકાતે આવનાર પ્રજાજનો પ્રવેશ મેળવી શકશે.

૩. ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રી, માન. ઉપાધ્યક્ષશ્રી, માન. મંત્રીશ્રીઓ, માન. વિરોધ પક્ષના નેતાશ્રી તથા સચિવાલય સંકુલમાં ફરજ બજાવતા સચિવશ્રી અને તેથી ઉચ્ચ કક્ષાના અધિકારીશ્રીઓના આવન-જાવન માટે ગેટ નં. ૩ અનામત રહેશે.

૪. સચિવાલય સંકુલમાં આવેલ સ્વર્ણિમ સંકુલ-૧ ની સામે પસાર થતા બ્લોક નં.૫ અને ૪ ની સામેથી પસાર થતા આવવા જવાના રસ્તા પરથી સ્વર્ણિમ સંકુલ-૧માં મિટિંગ અને અન્યો કારણોસર અધિકારીઓને અવારનવાર જવાના કારણોસર વાહનોથી થનાર સંભવિત અકસ્માતને નિવારવા માટે ઉક્ત રસ્તાને બ્લોક નં. ૪ થી બ્લોક નં. ૫ તરફ વાહનો માટે આવવાનો રસ્તો માત્ર એક માર્ગી (One Way) કરવાનો અને

સ્વર્ણિમ સંકુલ ૨ ની સામે પસાર થતો આવવા જવાનો રસ્તો બ્લોક નં.૧૧ થી બ્લોક નં.૧૨ તરફ વાહનો માટે જવાનો રસ્તો એક માર્ગી (One Way) કરવાનો નિર્ણય કરવામાં આવે છે. તે મુજબના હુકમોનું અમલીકરણ સર્વેએ કરવાનું રહેશે.

૫. ગેટ નં. ૪ મારફત સચિવાલય સંકુલમાં ફરજો બજાવતાં તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓ પ્રવેશ મેળવી શકશે. આ ગેટ તેઓને આવવા-જવા માટે અનામત રહેશે.

૬.. બહારથી આવતા વાહનો થકી સર્જાતી ટ્રાફીકની સમસ્યા નિવારવા તથા અકસ્માત નિવારવા માટે ગેટ નં. ૭ ને માત્ર સચિવાલય સંકુલમાંથી વાહન મારફત બહાર જવા માટે એકમાર્ગી કરવાનો નિર્ણય કરવામાં આવે છે. જો કે આ ગેટ મારફત પગપાળા મુલાકાતીઓ પ્રવેશ મેળવી શકશે. આ ગેટ મારફત હવે કોઇ વાહન સાથે પ્રવેશ મેળવી શકશે નહીં.

૭. હાલ સચિવાલય પોઇન્ટ બસ સ્ટેન્ડથી સચિવાલય સંકુલમાં ફરજ બજાવતા કર્મચારીઓ / અધિકારીઓ સંકુલમાં આવવા જવા માટે ચાલીને ગેટ નં.૮ નો વોક વે તરીકે જે રસ્તાનો ઉપયોગ કરે છે તે માત્ર સવારે આવવા અને સાંજે જવા માટે ઉપયોગ કરવામાં આવે છે તે રસ્તા મારફત આવવા જવા માટે સવારે ૯.૩૦ થી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી વોક-વે તરીકે ખુલ્લો રાખવાનો નિર્ણય કરવામાં આવે છે.

૮. ગુજરાત વિધાનસભા સત્ર પુરતી વિધાનસભાની મુલાકાત લેનાર શાળા કોલેજોના વિદ્યાર્થીઓને ગ્રુપ બુકીંગમાં પથિકાશ્રમ, ગાંધીનગર ખાતેથી પાસ આપવા માટેની આગોતરી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે જેની સર્વેએ નોંધ લેવી.

. ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.જે.બ્રહ્મભટ્ટ
નાયબ સચિવ (કેબીનેટ).
સામાન્ય વહીવટ વિભાગ,

પ્રતિ,

નામ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
નામ. રાજયપાલશ્રીના ગૃહ નિયામકશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર (પત્ર દ્વારા)
માન. દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી (ક.ગ.) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગોના નાયબ સચિવશ્રી (મહેકમ), સચિવાલય, ગાંધીનગર.

સચિવાલય સંકુલમાં આવેલ સર્વે કચેરીઓના સર્વે કર્મચારીઓ / અધિકારીશ્રીઓના ધ્યાને મુકવાની વિનંતીસહ

નાયબ પોલીસ અધીક્ષકશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીની સલામતી વ્યવસ્થા, ગાંધીનગર.

પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધીક્ષકશ્રીની કચેરી, સે-૨૭, ગાંધીનગર.

મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી (પા.યો.), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નાયબ પોલીસ અધિક્ષકશ્રી (સલામતી), સચિવાલય સંકુલ, ગાંધીનગર

તરફ આ અંગે જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.

નિવાસી નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

માહિતી કમિશ્નરશ્રી, માહિતી કમિશ્નરની કચેરી, ગાંધીનગર

સીનીયર એકઝીકયુટીવશ્રી, ગેલોપ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર લી, બ્લોક નં.૬, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર

સીસ્ટમ મેનેજરશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર આ પરિપત્ર વિભાગની વેબસાઇટ ઉપર ઓનલાઇન મુકવાની વિનંતીસહ

પસંદગી ફાઈલ.

નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ